# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




# ડાકોરમાં ફાગણી પૂનમના મેળાની પૂર્ણાહુતિ: લાખો ભક્તોએ રણછોડરાયના દર્શન કર્યા








ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફાગણી પૂનમનો મેળો ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો. લાખોની સંખ્યામાં ઉમટી પડેલા ભક્તોએ ભગવાન શ્રીજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર વાતાવરણ રણછોડજીના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. મેળાના ખાસ દિવસે રાત્રે 2 કલાકે મંગળ આરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. જોકે, બપોરે 2 કલાકે ગ્રહણને કારણે મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા હતા. આ દ્વાર હવે બીજા દિવસે સવારે મંગળા આરતી સમયે રાબેતા મુજબ ખોલવામાં આવશે. ફાગણી પૂનમે લાખો શ્રદ્ધાળુઓ પગપાળે ચાલીને શ્રીકૃષ્ણના દર્શનાર્થે ડાકોર આવે છે, જે પરંપરા વર્ષો જૂની અને અત્યંત પવિત્ર છે. સમગ્ર ડાકોર હાલ 'જય રણછોડ'ના નાદથી ગુંજી ઉઠ્યું છે. આ પાવન અવસરે દર્શન કરવાનો લ્હાવો મળવા બદલ તેમણે ધન્યતા અનુભવી હતી. સુપ્રસિદ્ધ ફાગણી પૂનમ મહોત્સવ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીએ જગતપ્રસિદ્ધ રણછોડરાયજી મંદિરમાં ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. આ અવસરે તેમણે ખેડા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યના નાગરિકોની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે ભગવાન રણછોડરાયને મંગલ પ્રાર્થના કરી હતી. રાજા રણછોડના દર્શન કરી તેમણે તમામ શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ થાય તેવી કામના વ્યક્ત કરી હતી. મંત્રીએ પદયાત્રીઓ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી સુંદર વ્યવસ્થાઓની પણ વિશેષ પ્રશંસા કરી હતી. અમદાવાદ રેન્જ આઇજી વિધિ ચૌધરી અને કલેક્ટર અમિત પ્રકાશ યાદવ મંગળા આરતીમાં સહભાગી થયા હતા. બાદમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જન કલ્યાણના હેતુથી પરંપરાગત રીતે ધજારોહણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ રેન્જ આઇજીએ વહીવટી તંત્ર અને પોલીસ વિભાગની સંકલિત કામગીરીને બિરદાવતા નવા વર્ષમાં પણ જિલ્લામાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક મહોત્સવમાં મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને કપડવંજ ધારાસભ્ય રાજેશભાઇ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, અગ્રણી નયનાબેન પટેલ, ડાકોર મંદિરના ટ્રસ્ટી ગિરીશ દાણી, વન સંરક્ષક અભિષેક સામરીયા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

તસવીર : ચિરંજીવ સેવક

### આણંદ-કરમસદ મનપાએ જાહેર રસ્તો રોકી ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા લાલ આંખ કરી

# આણંદમાં ગંદકી અને દબાણ મામલે બે ફાસ્ટ ફૂડ એકમોને સીલ લાગ્યાં

**આશિષ ચાઇનીઝ કિંગ** અને અલ-હબીબી ફાસ્ટ ફૂડ હબ સામે કડક કાર્યવાહી કરી



(પ્રતિનિધિ) આણંદ તા.3

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતા અને રસ્તાઓ પર દબાણ ઉભું કરતા વેપારીઓ સામે તંત્રએ આકસ્મિક તપાસ હાથ ધરી છે. જેમાં બે જાણીતા ફાસ્ટ ફૂડ સેન્ટરોને સીલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

કરમસદ - આણંદ મનપાની ટીમે મહેન્દ્ર શાહ હોસ્પિટલથી ગુજરાતી ચોક તરફ જતા માર્ગ પર આવેલી હોટલોમાં ઓચિંતી તપાસણી કરી હતી. આ દરમિયાન 'આશિષ ચાઈનીઝ કિંગ' અને 'અલ-હબીબી ફાસ્ટ ફૂડ હબ' નામના બે એકમોમાં ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી. આ એકમો દ્વારા લોકોને અડચણરૂપ થાય તે રીતે રસ્તો રોકીને ખાદ્ય પદાર્થો બનાવવામાં આવતા હતા અને તેનું વેચાણ કરવામાં આવતું હતું.

વધુમાં, તપાસણી દરમિયાન આ એકમોમાં સ્વચ્છતાનો સદંતર અભાવ હતો. ગંદકીને કારણે લોકોના જાહેર આરોગ્યને નુકસાન થવાની ભીતિ જણાતા, તાત્કાલિક અસરથી આ બંને દુકાનોને સીલ કરી હતી. આ ઉપરાંત, રસ્તા પર મૂકવામાં આવેલો સામાન પણ મનપા દ્વારા કબજે લેવામાં આવ્યો છે.

## આણંદમાં ધો.11ની વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.3

તારાપુરના ફતેપુરા ગામના વતની પ્રધ્યુમનસિંહ ગોહિલની પુત્રી ધરતીએ ધો.10ની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી હતી. આથી, પુત્રીના ઉજ્જવળ ભવિષ્ય માટે તેને આણંદની શાળામાં ધોરણ-11માં પ્રવેશ અપાવ્યો હતો અને તે કેમ્પસમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાં જ રહેતી હતી. જોકે, સોમવારના રોજ હોળીકા દહનના દર્શન કર્યા બાદ ધરતી હોસ્ટેલમાં પરત આવી હતી અને જમ્યા બાદ તે પોતાના રૂમમાં મોડી રાત્રે કબાટના હેન્ડલ સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલમાં આણંદ શહેર પોલીસે આ મામલે ગુનો નોંધીને વિદ્યાર્થીનીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું ? તે દિશામાં તપાસ તેજ કરી છે.

# માતરની પરિણીતાએ પુત્ર સાથે નહેરમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું

**દહેજ ભૂખ્યા** સાસરિયાંના ત્રાસથી કંટાળી પગલું ભર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.3

માતર તાલુકાના રાઘવાણજની એક પરણિતાએ તેના 14 વર્ષના લગ્નજીવનનો કરુણ અંત આણતા પોતાના વ્હાલસોયા પુત્ર સાથે નહેરમાં કૂદી આત્મહત્યા કરી લીધી છે. સાસરિયાંઓ દ્વારા સતત આપવામાં આવતી માનસિક યાતના અને દહેજની માંગણીથી કંટાળી આ હિચકારું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઠાસરા પિયર ધરાવતા શિલ્પાબેનના લગ્ન 14 વર્ષ અગાઉ રાઘવાણજના ધવલસિંહ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક પુત્ર અને એક પુત્રી એમ બે સંતાનો હતા. જોકે, સાસરીમાં પતિ ધવલસિંહ, સસરા પ્રવીણસિંહ અને નણંદ ઉર્વશીબેન દ્વારા તેમને ઘરકામ બાબતે અને પિયરમાંથી કંઈ લાવ્યા નથી તેમ કહી સતત મેણા-ટોણા મારી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. હદ તો ત્યારે થઈ જ્યારે તેમને પિયર મોકલતી વખતે એવી ધમકી આપવામાં આવી કે, બાપા પાસેથી રૂપિયા લેતી આવજે, જો ન લાવી શકે તો રસ્તામાં ગમે ત્યાં મરી જજે.

આથી લાગી આવતાં 25મી ફેબ્રુઆરીએ પિયરથી સાસરીમાં જવા નીકળેલા શિલ્પાબેન અને તેમનો પુત્ર જયવીર ગુમ થયા હતા. પરિજનોની શોધખોળ બાદ નડિયાદ એન.ડી. દેસાઈ સ્કૂલ પાછળ આવેલી નહેરમાંથી પોલીસને બે દિવસ બાદ બંનેના મૃતદેહ મળી આવ્યા હતા.

આ બનાવ અંગે મૃતક શિલ્પાબેનના પિતા ગંભીરસિંહ પરમારે પોતાની દીકરી અને પૌત્રને મરવા માટે મજબૂર કરનાર પતિ ધવલસિંહ પ્રવીણસિંહ રાઠોડ, સસરા પ્રવીણસિંહ અને નણંદ ઉર્વશીબેન સામે મહેળાવ પોલીસ મથકે આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

# આંકલાવ પાસે કાર ટક્કરે બાઈક સવાર 2ના કમકમાટીભર્યાં મોત

**કારની ટક્કરથી** ફંગોળાયેલું બાઇક સીધું ટ્રેક્ટરની પાછળ અથડાયું

(પ્રતિનિધિ) આણંદ, તા. 3

વડોદરાના પાદરા તાલુકાના મુવાલ ગામમાં રહેતા દેવ જગદીશભાઈ પટેલ (ઉ.વ.21) અને ગામમાં રહેતી કૃપાલી શૈલેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.18) બન્ને સારા મિત્ર હતાં. દરમિયાનમાં આંકલાવના ઉમેટા રોડ પર સદ્દગુરૂ હોટલ નજીક 2જી માર્ચના રોજ દેવ અને કૃપાલી બાઇક પર પસાર થઇ રહ્યાં હતાં. તે સમયે પુરપાટ ઝડપે પસાર થતી કારે ધડાકાભેર બાઇક સાથે અકસ્માત સર્જી દીધો હતો. આ અકસ્માતમાં દેવ અને કૃપાલીને ગંભીર ઇજા પહોંચતાં તાત્કાલિક 108માં સારવાર માટે વડોદરા ખસેડ્યાં હતાં. આ ઘટના અંગે દેવના પરિવારજનોને જાણ થતાં તેઓ તાત્કાલિક વડોદરા હોસ્પિટલમાં પહોંચ્યાં હતાં. જોકે, તે પહેલા દેવ અને કૃપાલીનું મોત નિપજ્યું હતું.

આ અંગે તપાસ કરતાં દેવ તથા કૃપાલી બન્ને જણા ડાકોર દર્શન કરવા માટે વ્હેલી સવારે સાત વાગે બાઇક પર નિકળ્યાં હતાં. આ ઘટના અંગે કાર્તિક અજાણ્યા વાહન વિરૂદ્ધ ફરિયાદ આપવા આંકલાવ પોલીસ મથકે જતાં ટ્રેક્ટર ચાલક અને માલિક હાજર હતો. જેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, ટ્રેક્ટર નં.જીજે 23 સીએચ 7624 સાથે લાકડા ભરેલું ટ્રેલર લઈને આંકલાવ બાજુ જતાં હતાં. તે સમયે સામેથી એકદમ ગાડીવાળો સ્પીડમાં આવી કોઇ સાધન સાથે અથડાયો હતો. તે સાધન મારા ટ્રેક્ટરની ટ્રોલીના પાછળના ભાગે અથડાયું હતું. જેથી ટ્રેક્ટર ઉભુ રાખી તપાસ કરતાં બાઇક અથડાયું હતું.

જોકે, અકસ્માત સર્જનાર કાર પણ થોડેદુર ઉભી હતી. આ કાર નં.જીજે 13 સીઈ 8272 હતો. આ કબુલાત આંકલાવ પોલીસે કાર્તિક પટેલની ફરિયાદ આધારે કાર નં.જીજે 13 સીઈ 8272ના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# સગીરાએ ઘરમાં ગળેફાંસો ખાઈ મોત વ્હાલું કરી લીધું

(પ્રતિનિધિ) આણંદ, તા. 3

ખંભાત તાલુકાના રાલજ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં 15 વર્ષની એક કિશોરીએ તેના પ્રેમી દ્વારા જાહેરમાં કરવામાં આવેલા અપમાનથી વ્યથિત થઈને મોતને વહાલું કર્યું છે.

ખંભાતના રાલજ ગામમાં રહેતી કિશોરીએ ગત 22મી તારીખના રોજ પોતાની બહેનપણીઓ સાથે શિકોતર માતાના મંદિરે દર્શન કરવા ગઈ હતી. આ દરમિયાન તેનો પ્રેમી મહેન્દ્ર ઉર્ફે ગગુ રમેશભાઈ મકવાણા (ઉ.વ. 18) ત્યાં આવ્યો હતો અને મંદિર નજીક જ જાહેરમાં કિશોરીને લાફો મારી દીધો હતો. જાહેરમાં થયેલા આ અપમાનને કિશોરી સહન કરી શકી નહોતી અને 23મી તારીખે તેણે પોતાના રૂમમાં સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો.

આ અંગે ખંભાત રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન કિશોરીના પિતાએ તેનો મોબાઈલ તપાસતા સવારના સમયે આવેલા એક મેસેજ પરથી પ્રેમસંબંધ હોવાનું બહાર આવ્યું હતું. વધુ પૂછપરછ અને તપાસમાં ખુલાસો થયો હતો કે મહેન્દ્રએ કિશોરીને પ્રેમજાળમાં ફસાવી હતી અને મંદિરે તેને લાફો મારી અપમાનિત કરી હતી, જેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું હતું. હાલમાં ખંભાત રૂરલ પોલીસે મૃતક કિશોરીના પિતાની ફરિયાદના આધારે મહેન્દ્ર ઉર્ફે ગગુ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### આણંદના જૂના રસ્તા પર ગેરેજમાં ભીષણ આગ લાગતા અફડાતફડી



આણંદ શહેરના જૂના રસ્તા પર ડો. જીતેન્દ્ર ગાંધીના દવાખાના સામે આવેલા 'સાઈ મોટર્સ' ગેરેજમાં રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. આ ગેરેજમાં રાખેલી ગાડીઓમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા જ કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ, વિશાલસિંહ ડોડ અને તેમની ટીમે સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આ કામગીરીમાં ફાયર ફાઈટર ટીમના સભ્યો સહદેવસિંહ રાઠોડ, વિમલ પંચાલ અને અન્ય જવાનો જોડાયા હતા. સદનસીબે, આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જેનાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# નડિયાદમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થી માટે વૈશ્વિક રોજગારીના દ્વાર ખુલશે

**આઈટી વિદ્યાર્થીઓના** 'એગ્રી રોબોટ' પ્રોજેક્ટની જાપાની નિષ્ણાતોએ કરી પ્રશંસા

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

નડિયાદ સ્થિત ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી ખાતે જાપાનના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય એન્જિનિયરિંગ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે રોજગાર અને સંશોધનની નવી તકોનું નિર્માણ કરવાનો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો વચ્ચેના સંબંધો મજબૂત કરવાનો રહ્યો હતો.

ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટીમાં જાપાનથી આવેલા આ પ્રતિનિધિમંડળમાં 'ફોરએજ' અને 'અન્દાઝે' જેવી પ્રતિષ્ઠિત ટેકનોલોજી કંપનીઓના સીઈઓ અને પ્રોજેક્ટ મેનેજરો સામેલ હતા. યુનિવર્સિટીના ડિરેક્ટર અંકુર દેસાઈ અને અન્ય વિભાગીય વડાઓ



સાથેની બેઠકમાં પ્લેસમેન્ટ, ઈન્ટર્નશિપ અને કૌશલ્ય વર્ધન જેવા વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. જાપાની પ્રતિનિધિઓએ આંતરરાષ્ટ્રીય ભરતી પ્રક્રિયામાં ભારતીય એન્જિનિયરોની મહત્વની ભૂમિકા સ્વીકારી ભવિષ્યમાં સંયુક્ત ટેકનોલોજી પ્રોજેક્ટ્સ હાથ ધરવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. આ મુલાકાતથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે જાપાન જેવા અદ્યતન દેશમાં કરિયર બનાવવાની નવી તકો ઊભી થશે અને સંશોધન ક્ષેત્રે લાંબાગાળાના ફાયદા થશે.

### આઈટી વિદ્યાર્થીઓનો સ્માર્ટ 'એગ્રી રોબોટ'

આ મુલાકાત દરમિયાન આઈટી વિભાગના 6ઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ વેદ દરજી અને ધ્રુમિલ લાઠિયાએ તૈયાર કરેલા 'સ્ટ્રોબેરી લીફ ડિસીઝ ડિટેક્શન એન્ડ ઓટોમેટિક સ્પ્રેઈંગ એગ્રી રોબોટ' નું જીવંત નિદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. આ રોબોટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી પાનના રોગ ઓળખી તેના પર આપમેળે દવાનો છંટકાવ કરવાની ક્ષમતા ધરાવે છે. જાપાનીઝ પ્રતિનિધિમંડળે વિદ્યાર્થીઓની આ ટેકનિકલ ક્ષમતા અને નવીન અભિગમની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઇઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225